# તમારા મતદાન સંબંધી અધિકારો જાણો

સંઘીય મતદાન અધિકાર કાયદા માટે તમારી માર્ગદર્શિકા

અમેરિકા ન્યાય વિભાગ
નાગરિક અધિકાર ડિવિઝન

# આ માર્ગદર્શિકાની વિષયસૂચિ


મતદાન વિશે મૂળભૂત માહિતી..................1

મત આપવાના તમારા અધિકારને સુરક્ષિત રાખવા..................1

મતદાર નોંધણી..................3

વિદેશમાં મતદાન..................7

મર્યાદિત અંગ્રેજી પ્રાવીણ્ય સાથે મતદાન કરવું..................8

વિકલાંગતા સાથે મતદાન કરવું..................9

ઉલ્લંઘનની જાણ કરવી..................11

અતિરિક્ત સંસાધનો..................12

# મતદાન વિશે મૂળભૂત માહિતી

## મારા રાજ્યમાં ચૂંટણી કોણ આયોજિત કરે છે?

**રાજ્ય અને સ્થાનિક ચૂંટણી અધિકારીઓ.** તેઓ કોંગ્રેસ અને પ્રમુખપદ સહિત સ્થાનિક, રાજ્ય અને સંઘીય ચૂંટણીઓ આયોજિત કરે છે.

જો તમે તમારા રાજ્યમાં મતદાન કરવાની રીત વિશે જાણવા માંગતા હો, તો તમારે તે અધિકારીઓનો સંપર્ક કરવો જોઈએ કારણ કે વિવિધ રાજ્યોમાં નિયમો અલગ-અલગ હોય છે.

તમે તમારા રાજ્યના નિયમો અંગેની વધુ માહિતી અને ચૂંટણી અધિકારીઓની સંપર્ક માહિતી **vote.gov** પર મેળવી શકો છો.

# મત આપવાના તમારા અધિકારને સુરક્ષિત રાખવા

## શું સંઘીય કાયદો મારા મત આપવાના અધિકારને સુરક્ષિત રાખે છે?

**હા.** અમેરિકા ન્યાય વિભાગના નાગરિક અધિકાર ડિવિઝન આ કાયદાને અમલમાં મૂકે છે. ઘણીવાર, જે લોકોના અધિકારોનું

ઉલ્લંઘન થયું હોય તેઓ ખાનગી કાનૂની કાર્યવાહી પણ કરી શકે છે.

## શું સંઘીય કાયદો મતદાનમાં થતા ભેદભાવ સામે સુરક્ષા પ્રદાન કરે છે?

**હા.** મતદારોને ભેદભાવ સામે સુરક્ષા પ્રદાન કરવા માટે અહીં બે સૌથી મહત્વપૂર્ણ સંઘીય કાયદાઓ આપવામાં આવ્યા છે.

**પહેલો કાયદો, મતદાન અધિકાર અધિનિયમ (Voting Rights Act, VRA) છે.** VRA ની કલમ 2 ના આધારે કોઇપણ નાગરિકની જાતિ અથવા રંગના કારણે તેના મતદાનના અધિકારોને નકારવા અથવા પ્રતિબંધિત કરવા ગેરકાયદેસર છે. તે એવા નાગરિકો સામેના ભેદભાવને પણ ગેરકાયદેસર ઠેરવે છે જેઓ ભાષા લઘુમતી જૂથના સભ્યો છે, જેને VRA અમેરિકન ભારતીય, એશિયન અમેરિકન, અલાસ્કાના મૂળ નિવાસી અથવા લેટિનો વ્યક્તિઓ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

કલમ 2 હેઠળ, રાજ્ય અને સ્થાનિક સરકારો ઈરાદાપૂર્વક ભેદભાવપૂર્ણ મતદાન પ્રણાલીઓ અથવા ચૂંટણી નિયમોનો ઉપયોગ કરી શકતા નથી. તેમ જ તેઓ એવી પ્રણાલીઓ અથવા નિયમોનો ઉપયોગ કરી શકતા નથી કે જેના પરિણામે કોઈ વિશેષ જાતિ અથવા ભાષા લઘુમતી જૂથના સંબંધી નાગરિકોને મતદાન કરવાની અને તેઓ ઇચ્છતા હોય એવા જાહેર અધિકારીઓને અન્ય તમામ કરતા ચૂંટવાની તક ઓછી હોય.

**બીજો કાયદો, અમેરિકન વિકલાંગતા અધિનિયમ (Americans with Disabilities Act) છે.** તે કાયદાના શીર્ષક II ના આધારે રાજ્ય અને સ્થાનિક સરકારોએ ખાતરી કરવી જરૂરી છે કે વિકલાંગ લોકોને મતદાન કરવાની સંપૂર્ણ અને સમાન તક મળે છે. VRA ની કલમ 2 સમાન, આ કાયદો મતદાન સંબંધી તમામ પાસાઓને લાગુ પડે છે. આમાં મતદાન માટે નોંધણી કરવી, મતદાન સ્થળોએ જવું અને મતદાનના દિવસે અને શુરુઆતી મતદાન દરમિયાન મતદાન કરવાનો સમાવેશ થાય છે. તમે **ada.gov** પર વધુ માહિતી મેળવી શકો છો.

## શું સંઘીય કાયદાઓ મતદાતાઓને ધાકધમકી સામે રક્ષણ આપે છે?

**હા.** એવા નાગરિક અને ફોજદારી સંઘીય કાયદાઓ છે જે કોઈને મતદાન કરવા અથવા મત આપવાનો પ્રયાસ કરવા માટે ડરાવવું, ધમકાવવું અથવા દબાણ કરવાને ગેરકાયદેસર ઠેરવે છે, તેમજ એવા સંઘીય કાયદાઓ છે જે એવા લોકોને ડરાવવા, ધમકાવવા અથવા દબાણ કરવા ગેરકાયદેસર ઠેરવે છે જેઓ અન્ય લોકોને મતદાન કરવા આગ્રહ કરે છે અથવા તેઓને મદદ કરે છે.

નાગરિક કાયદાઓમાં 1957 નો નાગરિક અધિકાર અધિનિયમ (Civil Rights Act of 1957) અને મતદાન અધિકાર અધિનિયમનો સમાવેશ થાય છે. ફોજદારી કાયદાઓ U.S. કોડના કેટલાક શીર્ષકોમાં જોવામાં આવે છે.

# મતદાર નોંધણી

## મત આપવા માટે હું ક્યાં નોંધણી કરાવી શકું?

**રાષ્ટ્રીય મતદાર નોંધણી અધિનિયમ (National Voter Registration Act, NVRA) અનુસાર મોટાભાગનાં રાજ્યો (ઇડાહો, મિનેસોટા, ન્યુ હેમ્પશાયર, નોર્થ ડાકોટા, વિસ્કોન્સિન અને વ્યોમિંગ સિવાય) માટે જરૂરી છે કે તમને મેલનો ઉપયોગ કરીને મત આપવા માટે નોંધણી કરવાની મંજુરી આપે.**

તેના અનુસાર એ જ 44 રાજ્યો માટે પણ જરૂરી છે કે તમને વિવિધ સરકારી કચેરીઓ દ્વારા મત આપવા માટે નોંધણી કરવાની મંજુરી આપે. કેટલાક ઉદાહરણો એવી કચેરીઓ છે જે

ડ્રાઇવર લાયસન્સ, જાહેર સહાય અથવા વિકલાંગતા સેવાઓ અને સશસ્ત્ર દળોની ભરતી કચેરીઓ પ્રદાન કરે છે. તમારું રાજ્ય નોંધણી કરવાની અન્ય રીતો પણ ઑફર કરી શકે છે, જેમ કે ચૂંટણી કાર્યાલયમાં, મતદાર નોંધણી કાર્યક્રમો, મતદાન સ્થળ, મેઇલ દ્વારા અથવા ઑનલાઇન.

જો તમે નોંધણી કરાવવા માટે પાત્ર છો, તો જ્યાં સુધી તમારી નોંધણીની અરજી પોસ્ટમાર્ક કરવામાં ન આવે અથવા ચૂંટણીના ઓછામાં ઓછા 30 દિવસ પહેલાં યોગ્ય ઓફિસ દ્વારા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી રાજ્યોએ તમને સંઘીય ચૂંટણીમાં મતદાન કરવા માટે મંજૂરી આપવી જોઈએ. કેટલાક રાજ્યોમાં, સમયમર્યાદા ચૂંટણીની નજીક છે; અને કેટલાક અન્ય રાજ્યો ચૂંટણીના દિવસે નોંધણી કરાવવાની પરવાનગી આપે છે.

આવશ્યકતાઓ અને સમયમર્યાદા વિશે ચોક્કસ માહિતી માટે કૃપા કરીને તમારા રાજ્યની ચૂંટણી વેબસાઇટ જુઓ. તમે **vote.gov** પર જઈને તે વેબસાઈટ જોઈ શકો છો.

## મને મતદાર નોંધણીની યાદીમાંથી ક્યારે બહાર કરી શકાય છે?

**રાષ્ટ્રીય મતદાર નોંધણી અધિનિયમની કલમ 8 હેઠળ, અધિકારીઓ તમને સંઘીય ચૂંટણી માટે મતદાર નોંધણીની સૂચિમાંથી બહાર કરી શકે છે જો તમે તેઓને એવું કરવા માટે કહો છો અથવા જો તમે મૃત્યુ પામો છો.**

જ્યાં સુધી અધિકારીઓ નોટિસ અને સમય વિશે NVRA ના નિયમોનું પાલન કરે ત્યાં સુધી જો તમે સ્થળાંતર કરો તો તમને સૂચિમાંથી બહાર પણ કરી શકાય છે. તમે ચૂંટણીમાં મતદાન કર્યું ન હતું માત્ર એ કારણથી તમને નોંધણીની સૂચિમાંથી બહાર કરી શકાશે નહીં. પરંતુ જો તમે સ્થળાંતર થયા છો કે નહીં તેની પુષ્ટિ કરવા માટે તમને પુછવામાં આવતી નોટિસનો જવાબ ન આપો અને પછી તમે આગામી બે સંઘીય ચૂંટણી સત્રમાં મત ન આપો તો તમને બહાર કરી શકાય છે.

જો તમને અમુક ગુનાઓ માટે દોષિત ઠેરવવામાં આવે અથવા માનસિક રીતે અક્ષમ માનવામાં આવે છે તો ઘણા રાજ્યો તમને સૂચિમાંથી બહાર પણ કરી શકશે.

# જો હું સ્થળાંતર થાવ અને મારું મતદાર નોંધણી સરનામું અપડેટ કરવાનું ભૂલી ગયો/ગઈ હોય, તો શું હું મત આપી શકું?

**તે નિર્ભર કરે છે.** ધારો કે તમે એ જ મતદાન સ્થળ અંતર્ગત આવતા વિસ્તારમાં સ્થળાંતર થયા છો (ઉદાહરણ તરીકે, તમે નજીકના જ બ્લોકમાં સ્થળાંતર થયા છો). તો પછી તમે રાષ્ટ્રીય મતદાર નોંધણી અધિનિયમ અનુસાર તે મતદાન સ્થળે મત આપી શકો છો. પરંતુ તમારે ચૂંટણી અધિકારીઓને સાથે તમારું સરનામું અપડેટ કરવું જોઈએ (જે તમે મત આપતી વખતે મતદાન સ્થળ પર કરી શકો છો) જેથી કરીને તે ભવિષ્યની ચૂંટણીઓ માટે સાચું હોય.

ધારો કે તમે એવી જગ્યાએ સ્થળાંતર થયા છો જ્યાં મતદાન સ્થળ અલગ છે, પરંતુ તમે હજુ પણ તે જ રજિસ્ટ્રારના અધિકારક્ષેત્રમાં (ઉદાહરણ તરીકે, એ જ શહેરમાં અન્ય જગ્યાએ) અને તે જ કોંગ્રેસી જિલ્લામાં રહો છો. તો પછી તમે તમારા જૂના મતદાન સ્થળે મત આપી શકો છો. અને કેટલાક રાજ્યોમાં, તમને તમારા જૂના મતદાન સ્થળને બદલે તમારા નવા મતદાન સ્થળ અથવા કેન્દ્રીય સ્થાન, જેમ કે રજિસ્ટ્રારની કચેરી પર પણ મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે. આજ રીતે, તમારે ચૂંટણી અધિકારીઓને સાથે તમારું સરનામું અપડેટ કરવું જોઈએ (જે તમે મત આપતી વખતે મતદાન સ્થળ પર કરી શકો છો) જેથી કરીને તે ભવિષ્યની ચૂંટણીઓ માટે સાચું હોય.

ધારો કે તમે સ્થળાંતર નથી કર્યું, પરંતુ નોંધણી રેકોર્ડમાં ખોટી રીતે દર્શાવવમાં આવ્યું છે કે તમે સ્થળાંતર કર્યું છે. એકવાર તમે જયારે એ ખાતરી કરો કે તમે જ્યાં નોંધણી કરાવી હતી ત્યાં જ રહો છો તો તમને તમારા મતદાન સ્થળે મત આપવાનો અધિકાર છે.

તમારા યોગ્ય મતદાન સ્થળ સંબંધિત માહિતી માટે કૃપા કરીને તમારા રાજ્યની ચૂંટણીની વેબસાઇટ જુઓ. તમે **vote.gov** પર જઈને તે વેબસાઈટ જોઈ શકો છો.

અંતે, જો તમે ચૂંટણીના દિવસના થોડા સમય પહેલા સ્થળાંતર કરો છો અથવા જો તમે ચૂંટણીના દિવસે રાજ્યની બહાર હોય, તો સંઘીય કાયદો રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તમારા મત આપવાના અધિકારને સુરક્ષિત રાખે છે. આ અધિકાર મતદાન અધિકાર અધિનિયમની કલમ 202 દ્વારા સુરક્ષિત રાખવામાં આવે છે.

## જો મેં મત આપવા માટે નોંધણી કરી હોય પરંતુ મતદાન પુસ્તિકામાં મારું નામ સૂચિબધ્ધ ન હોય તો શું થશે?

**મોટાભાગનાં રાજ્યોમાં, એવો દાવો કર્યા પછી કે તમે નોંધણી કરાવેલ અને પાત્ર છો, તમે સંઘીય ચૂંટણીઓમાં મત આપવા માટે "કામચલાઉ મતપત્ર" મેળવી શકો છો.** હેલ્પ અમેરિકા મતદાન અધિનિયમ (Help America Vote Act)ની કલમ 302 આ અંગે કેટલાક નિયમો નક્કી કરે છે. જો કોઈ ચૂંટણી અધિકારી દાવો કરે કે તમે મત આપવા માટે પાત્ર નથી તો તમને કામચલાઉ મતપત્ર પણ ઓફર કરવામાં આવી શકે છે.

રાજ્યના કાયદાઓ તમને અન્ય કારણોસર કામચલાઉ મતપત્ર પ્રદાન કરી શકે છે—ઉદાહરણ તરીકે, જો તમે મતદાનના સમયે રાજ્યની આવશ્યક ID સાથે ન લાવો (એવા રાજ્યમાં કે જેમાં મત આપવા માટે ID દેખાડવું જરૂરી હોય) અથવા જો તમને પહેલેથી જ અનુપસ્થિત મતપત્ર મોકલવામાં આવ્યો હોય

કામચલાઉ મતપત્રથી મત આપવા માટે, તમારે લેખિત નિવેદન પર સહી કરવી જરૂરી છે. તમારું પૂર્ણ થયેલ મતપત્ર નિયમિત મતપત્રોથી ત્યાં સુધી અલગ રાખવામાં આવશે જ્યાં સુધી ચૂંટણી અધિકારી નિર્ધારિત ન કરે કે તેની ગણતરી થવી જોઈએ કે નહીં. તમને એ અંગે લેખિત સૂચનાઓ આપવી જોઈએ કે એ કેવી રીતે જાણી શકાય કે તમારા મતપત્રની ગણતરી કરવામાં આવી હતી કે નહીં, અને જો તેની ગણતરી થઈ ન હતી, તો તેનું કારણ શું હતું. રાજ્યના કાયદા હેઠળ, તમારે તમારા મતપત્રની ગણતરી માટે એક ચોક્કસ તારીખ સુધીમાં વધારાની માહિતી આપવી પડી શકે છે.

# વિદેશમાં મતદાન

## જો હું સૈન્ય ફરજ પર છું અથવા વિદેશમાં રહું છું તો શું હું મત આપી શકું?

**હા.** જો તમે U.S.માં રહો છો તો તમે મત આપવા માટે પાત્ર હશો, વર્દીધારી અને વિદેશી નાગરિક અનુપસ્થિત મતદાન અધિનિયમ (Uniformed and Overseas Citizens Absentee Voting Act) સંઘીય ચૂંટણીઓમાં અનુપસ્થિત રહેવાના અને મત આપવાના તમારા અધિકારને સુરક્ષિત રાખે છે.

આ કાયદો એવા નાગરિકોનું રક્ષણ કરે છે કે જેઓ સૈન્યમાં હોય અથવા મર્ચન્ટ મરીનમાં હોય અને જેઓ ઘરથી દૂર સૈન્ય ફરજ પર સેવા આપતા હોય, પછી ભલે તેઓ વિદેશમાં અથવા U.S. માં સેવા આપતા હોય. તે તેમના પાત્ર કુટુંબના સભ્યોને પણ સુરક્ષિત કરે છે જેઓ તે સેવાને કારણે ઘરથી દૂર છે. અને તે વિદેશમાં રહેતા યુનાઇટેડ સ્ટેટ્સના નાગરિકોના મતદાન સંબંધી અધિકારોને સુરક્ષિત રાખે છે.

સંઘીય ચૂંટણીઓ માટે, તમે સંઘીય પોસ્ટ કાર્ડ એપ્લિકેશનનો ઉપયોગ કરીને તે જ સમયે મત આપવા માટે નોંધણી કરાવી શકો છો અને અનુપસ્થિત મતદાનની વિનંતી કરી શકો છો. તમે તમારા અનુપસ્થિત મતપત્રને મેઇલ દ્વારા અથવા ઇલેક્ટ્રોનિક રીતે મેળવવાની વિનંતી કરી શકો છો. જો તમે તમારા અનુપસ્થિત મતપત્ર માટે સમયસર અરજી કરી હોય, પરંતુ તે તમને મળી ન થઈ હોય તો તમે બેક-અપ સંઘીય રાઇટ-ઈન અનુપસ્થિત મતપત્રનો પણ ઉપયોગ કરી શકો છો.

વધુ માહિતી માટે, પર સંઘીય મતદાન સહાયતા કાર્યક્રમ (Federal Voting Assistance Program)ની વેબસાઈટ **fvap.gov** અને નાગરિક અધિકાર વિભાગની વેબસાઇટ

**justice.gov/crt/uniformed-and-overseas-citizens-absentee-voting-act** ની મુલાકાત લો.

# મર્યાદિત અંગ્રેજી પ્રાવીણ્ય સાથે મતદાન કરવું

## કયા સંઘીય કાયદાઓ મર્યાદિત અંગ્રેજી પ્રાવીણ્ય ધરાવતા મતદારોને સુરક્ષિત રાખે છે?

**મતદાન અધિકાર અધિનિયમની કલમ 208 એવા મતદારોને તેઓ દ્વારા પસંદ કરેલ વ્યક્તિ પાસેથી મતદાન પ્રક્રિયામાં સહાય મેળવવાની મંજૂરી આપે છે કે જેમને વાંચવામાં મુશ્કેલી (ઉદાહરણ તરીકે, કારણ કે તેમનું અંગ્રેજી પ્રાવીણ્ય મર્યાદિત છે) થતી હોય.** પરંતુ તે વ્યક્તિ મતદારના નિયોક્તા અથવા મતદાર સંઘના અધિકારી ન હોવા જોઈએ.

VRA ની કલમ 4(e) ચૂંટણી અધિકારીઓને નાગરિકની અંગ્રેજી વાંચવા, લખવા અથવા સમજવાની ક્ષમતાના આધારે તેમના મત આપવાના અધિકારને માર્યાદિત કરવાથી રોકે છે. આ કાયદો એવા મતદારોને સુરક્ષિત રાખે છે કે જેઓએ અમેરિકન-ફ્લેગ શાળાઓમાં ઓછામાં ઓછા છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કર્યો હોય જ્યાં વર્ગોમાં અંગ્રેજી સિવાયની અન્ય ભાષામાં ભણાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, આ કાયદો એવા નાગરિકોને લાગુ પડે છે કે જેઓ પ્યુઅર્ટો રિકોની જાહેર શાળામાં અભ્યાસ કર્યો હતો અને તેમને સ્પેનિશમાં ભણાવવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, VRA ની કલમ 203 માં એવા સ્થાનોની જરૂર છે જ્યાં ચૂંટણી સામગ્રી અને અન્ય ભાષાઓમાં સહાય પૂરી પાડવા માટે પૂરતી સંખ્યામાં ભાષા લઘુમતી મતદારો હોય. દર પાંચ

વર્ષે, યુએસ સેન્સસ બ્યુરો (U.S. Census Bureau) એવા સ્થાનો શોધે છે જ્યાં તેની જરૂર છે અને તેઓએ કઈ ભાષાઓનો ઉપયોગ કરવો જોઈએ.

તમે આ સ્થાનોની વર્તમાન સૂચિ **census.gov/programs-surveys/decennial-census/about/voting-rights.html** પર મેળવી શકો છો.

હેલ્પ અમેરિકા મતદાન અધિનિયમ કલમ 301 માટે જરૂરી છે કે તે અધિકારક્ષેત્રોની મતદાન પ્રણાલીઓ સમાન ભાષાઓમાં ઍક્સેસિબલ હોય.



# વિકલાંગતા સાથે મતદાન કરવું

## કયા સંઘીય કાયદાઓ વિકલાંગ મતદારોને સુરક્ષિત રાખે છે?

**અમેરિકન વિકલાંગતા અધિનિયમ ના શીર્ષક II અનુસાર એ જરૂરી છે કે રાજ્ય અને સ્થાનિક સરકારો એ સુનિશ્ચિત કરે કે વિકલાંગતાથી પીડિત લોકોને મતદાન કરવાની સંપૂર્ણ અને સમાન તક મળે છે.**

આ કાયદો મતદાન સંબંધી તમામ પાસાઓને લાગુ પડે છે. આમાં મતદારની નોંધણી, મતદાન સ્થળોએ જવું અને મતદાનના દિવસે અને શુરુઆતી મતદાન દરમિયાન મતદાન કરવાનો સમાવેશ થાય છે.

હેલ્પ અમેરિકા મતદાન અધિનિયમ સંઘીય ચૂંટણીઓ માટે મતદાન સ્થળો વિશે નિયમો છે. દરેક મતદાન સ્થળે ઓછામાં ઓછી એક એવી મતદાન વ્યવસ્થા હોવી જોઈએ કે જ્યાં વિકલાંગ લોકો સ્વતંત્ર રીતે અને ખાનગી રીતે તેમનો મત આપી શકે.

મતદાન અધિકાર અધિનિયમની કલમ 208 વિકલાંગ મતદારોને તેઓ દ્વારા પસંદ કરાયેલ વ્યક્તિ પાસેથી મતદાન પ્રક્રિયામાં મદદ મેળવી શકે છે. પરંતુ તે વ્યક્તિ મતદારના નિયોક્તા અથવા મતદાર સંઘના અધિકારી ન હોવા જોઈએ.

# ઉલ્લંઘનની જાણ કરવી

## હું સંઘીય મતદાન અધિકાર કાયદાના સંભવિત ઉલ્લંઘનની જાણ કેવી રીતે કરી શકું?

**નાગરિક અધિકાર વિભાગને સંભવિત નાગરિક અધિકારોના ઉલ્લંઘનની જાણ કરો.**

તમે આ રીતે કરી શકો છો:

- **civilrights.justice.gov** અથવા
- **(800) 253-3931** પર ટેલિફોન દ્વારા

**મતદારો સામેની ધમકીઓ, ચૂંટણી અધિકારીઓ સામેની ધમકીઓ અથવા ચૂંટણીમાં છેતરપિંડી જેવા સંભવિત સંઘીય ગુનાઓની જાણ FBI ને કરો.**

તમે આ રીતે કરી શકો છો:

- **tips.fbi.gov** અથવા
- **800-CALL-FBI** પર ટેલિફોન દ્વારા

# અતિરિક્ત સંસાધનો

## સંઘીય કાયદો મારા મત આપવાના અધિકારને કેવી રીતે સુરક્ષિત રાખે છે તે અંગે હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?

**તમે નાગરિક અધિકાર વિભાગની વેબસાઇટ પર વધુ માહિતી મેળવી શકો છો.**

- મતદાન વિભાગની વેબસાઈટ **justice.gov/crt/voting-section** પર ઉપલબ્ધ છે.
- અમેરિકન વિકલાંગતા અધિનિયમ વિશે વિકલાંગતા અધિકાર વિભાગની વેબસાઈટ **ada.gov** પર ઉપલબ્ધ છે.

મતદાન સંબંધિત વધારાની માહિતી અને સંસાધનો **justice.gov/voting** અને **vote.gov** પર મળી શકે છે.

U.S. Department of Justice
Civil Rights Division

**justice.gov/voting**

Gujarati